# સોરીયાસીસ (Psoriasis)ની હોમીયોપેથીક સારવાર

Psoriasis ચામડીનો રોગ છે જેની સારવાર ઘણી અઘરી છે. આ રોગ મટાડવો અઘરો છે અને ઘણો સમય લાગે છે. Psoriasis માં ચામડી ઉપર લાલ રંગના ચકામા અથવા ચાઠા પડે છે જેના ઉપર રૂપેરી (Silver) રંગની જાડી, સુકી ચામડી બને છે અને એ ચામડી ફોતરા (Scales)ના રૂપમાં ખરી પડે છે. Psoriasisના રોગ વાળા દર્દીની આજુબાજુ ની જગ્યામાં (કપડા, જમીન, Furniture) ખરી પડેલી ચામડી (Scales) પડી જોવા મળે છે.

Psoriasis માં ચામડીના કોશ (Cells) નો વિકાસ ઘણો ઝડપથી થાય છે. સામાન્ય રીતે આપણા શરીરની બહારની ચામડી લગભગ દર ૨૫ થી ૩૦ દિવસે નવી આવે છે. જેની આપણને જાણ નથી હોતી પણ જુના ચામડીના કોશ ની જગ્યાએ નવા કોશ આવી જાય છે. આ પ્રક્રીયા જે ૨૫ થી ૩૦ દીવસે થાય છે એ Psoriasis ના દર્દીમાં ૭ દીવસમાં જોવા મળે છે. એટલે જ્યાં ચામડીમાં Psoriasis ના લક્ષણ જોવા મળે છે એ ભાગની ચામડીના કોશો બહુ ઝડપથી વિકાસ પામે છે અને ખરી જાય છે. આરોગ ચેપી (Contagious, Infective) નથી, પણ ફક્ત શરીરની પ્રક્રિયા ઝડપી બની જાય છે.

કારણ :- આ પ્રક્રિયા ઝડપી શુંકામ બની જાય છે એનું સચોટ કારણ તબીબી વિજ્ઞાન નથી શોધી શક્યું, પણ અમુક કારણો ને લીધે Psoriasis થવાની શક્યતા વધી જાય છે દા.ત. : કુટુંબ (Family)ના કોઈ વ્યક્તિમાં જો Psoriasis હોય તો (Heriditary, વારસાગત), જે બાળકોને અથવા પુખ્તવયનાઓને જો વારંવાર infection થતું હોય, ખાસ કરીને strep throat, stress માનસીક ચિંતા, Tension - મોટાપો, ઠંડુ વાતાવરણ, તમાકુ-દારૂનું સેવન, અમુક માંદગી માટે અપાતી દવાઓ - Bipolar Disorders, high Blood Pressuare, Antimalarial drngs, iodides, વગેરે.

ઉપર જણાવેલ કારણોથી ક્યાંતો રોગની શરૂઆત થાય છે અથવા રોગમાં વધારો થાય છે.

Psoriasis ને કારણે બીજી તકલીફો (Complications) પણ થઈ શકે છે, દા.ત. : આર્થ રાઈટીસ (arthritis), આંખની તકલીફો (Conjunctivitis, Blephritis, Uveitis), મોટાપો, diabetes, thigh blood pressure, heart disease, parkinsons disease, kidney disease, વગેરે...



લક્ષણો :- શરીરમાં ચામડીના અમુક ભાગમાં લાલ ચાઠા પડે જેની ઉપર રૂપેરી (Silver) રંગની જાડી, સુકી ચામડીનો થર (Plaque) બને છે, આ જાડી, સુકી ચામડી (Plaque) ફોતરાના (Scales) રૂપમાં ખરે છે, ચામડી ફાટીજાય, લોહી નીકળે, ખંજવાળ આવે, બળતરા થાય, સોજો આવે, નખ જાડા, ખરબચડા થઈ જાય અથવા ખરી પણ પડે, સાંધામાં સજો સાવે અને જકડાઈ (Stff) થઈ જાય.

Psoriasis ના ઘણા પ્રકાર છે : પ્લેક (Plaque) Psoriasis, નેઈલ (Nail) Psoriasis, ગટ્ટેટ (Guttate) Psoriasis, ઈનવર્સ (Inverse) Psoriasis, એરીથ્રોડર્મીક (Erythrodermic) Psoriasis વગેરે.

નિદાન :- Psoriasisનું નિદાન ચામડી પરના લક્ષણો પરથી સરળતાથી થઈ શકે છે. દર્દીની History પણ નિદાન કરવામાં મદદરૂપ થાય છે. કોઈક વાર Skin Biopsy કરવામાં આવે છે.

સારવાર :- એલોપથી તબીબી શાસ્ત્ર પાસે Psoriasis ને મટાડવા માટે કોઈ કાયમી સારવા નથી પણ સારવારનો મુખ્ય હેતુ હોય છે. ચામડીના કોશો (skincell)ને ઝડપથી વિકાસતા અટકાવવા અને ચામડીની અંદર થતું Infammation ઓછું કરવું જેથી plaque ઓછા બને અને scales ઓછા થાય. એલોપથીક સારવાર ૩ પ્રકારની હોય છે. ચામડી ઉપર લગાવવાની દવા (topical application), પ્રકાશ સારવાર (light therqpy) અને Systemic medications.

Topical application માં V topical corticosteroids, vitamin D, Anthralin, topical retinoids વગેરે નો ઉપયોગ કરાય છે.

Light therapyમાં sunlight, UVB phototherapy વગેરે...

Systemic medication (oral or injections) માં retinoids, methotrexate, cyclosporine વગેરે અપાય છે.

ઉપર મુજબની સારવાર દર્દીના Psoriasis નો પ્રકાર, severiy અને કેટલા પ્રમાણમાં રોગ વધેલો છે એના આધારે નક્કી થાય છે. છતાં આ દવાઓની આડ અસરો ઘણી હોવાથી એનો ઉપયોગ કાયમ નથી કરાતો.

હોમીયોપથીમાં Psoriasis ની સારવાર જુદી રીતે થાય છે. હોમીયોપેથીક સારવામાં રોગને ફક્ત રાહત આપવા કરતા રોગ કેવી રીતે મટાડી શકાય એના ઉપર વધુ ભાર મુકાય છે. હોમીયોપેથીક તબીબ દર્દીના રોગવિશે વિસ્તૃત માહીતી લે છે કે રોગ કેવી રીતે શરૂ થયો, કેવી રીતે વધ્યો, કયા કારણોથી તકલીફન વધે છે કે ઘટે છે, દર્દીને ભુતકાળમાં થયેલ વિવિધ રોગો અથવા માંદગીની વિગત, કુટુંબ (family)માં થયેલ વિવિધ રોગોની માહીતી જેથી ખ્યાલ આવે કે વારસામાં કયા રોગો છે, દર્દીનો સ્વભાવ, વર્તન, ગમો, અણગમો, માનસીક લક્ષણો (mental, emitional, psychological) વગેરે વિશે પણ માહીતી લેવાય છે. આ બધી માહીતી થી દર્દીની પ્રકૃતીની સમજણ મેળવાય છે અને આ સમજણને આધારે હોમીયોપેથીક દવા અપાય છે, જે રોગને મટાડવામાં મદદ કરે છે. લેખની શરૂઆતમાં કહ્યું એ પ્રમાણે Psoriasis રોગ મટાડવો અઘરો છે અને દર્દીએ લાંબો સમય દવા કરવી પડે છે.

Psoriasis ની સારવાર દરમ્યાન દર્દીને બીજી તકલીફો થઈ શકે છે, દા.ત. શરદી, ખાંસી, તાવ, ગળાનું infection વગેરે, પણ ધ્યાન રહે કે હોમીયોપેથીક તબીબ ની સલાહ વગર બીજી કોઈ પણ પ્રકરની બીજી દવા નહીં લેવી. આ તકલીફો થવાથી Psoriasis રોગ ને મટાડવામાં સરળતા રહે છે.

જાતે કરવાજેવું :- Psoriasis અથવા ચામડીના બીજા કોઈ પણ રોગમાં ફક્ત Petroleum Jelly (vaseline) લગાવવું. બીજા કોઈપણ પ્રકારના મલમ, Lotion નહીં લગાવવા, શરીર ને સ્વચ્છ રાખવું, નહાવામાં સાબુનો ઉપયોગ ઓછો કરવો, Psoriasis વાળી ચામડીને કુમળા સુર્ય પ્રકાશમાં દરરોજ થોડો સમય રાખવી, તંદુરસ્ત ખોરાક ખાવો, બને ત્યાં સુધી શાકાહારી ખોરાક ખાવો, પાણી પુરતા પ્રમાણમાં પીવું, જેનાથી રોગમાં વધારો થતો હોય એનાથી દુર રહેવું.

યાદ રહે Psoriasis મટી શકે એવો રોગ છે, જરૂર છે ધીરજથી દવા કરવાની અને અમે કહીએ એ પ્રમાણે કાળજી લેવાની. અમારો સંપર્ક રવા નીચે મોબાઈલ નંબર તથા ઈમેઈલ આપ્યો છે. સહુને શારીરિક માનસીક તંદુરસ્તિની શુભકામના.



Homoeopathic Practitioners
**Akshay Banker**
M.D.[Homeopathy]
**Faculty -** Ontario College of Homeopathic Medicine
Ex Principal, Professor [India]
**Nina Banker** MD (Homeopathy)
Ex Professor [Surat, India]
**Mobile #:** 647 868 4340
**Mobile #:** 647 773 3074
Email : homeopathakshay@gmail.com
**Mississauga Clinic:** 93, Dundas St. E. Suite # 107, Mississauga, ON. L5A 1W7. [Hurontario + Dundas] [Monday, Thursday, Friday - 10 to 5]
**Brampton Clinic:** 134 Queen St. E., Brampton, ON. L6V 1B2. [Queen and Centre Street] [Tuesday, Saturday 10 to 5]
**Scarborough Clinic:** 2761, Markham road, Aum Beauty Clinic, ON. M1X 1M4 [Markham road + Nashdene] [Wednesday 4 pm to 7 pm]

અમારી સાથે જાહેરખબર કરો અને તમારા બિઝનેસનું સૌથી વધારે માઈલેજ મેળવો...
ક્લાસિફાઈડ જાહેરાત
માત્ર $ 12
કેનેડામાં ગુજરાતીઓનું ગૌરવ એટલે...
ગુજરાત ન્યૂઝલાઈન
INDO-CANADIAN GUJARATI COMMUNITY NEWSPAPER
GUJARAT NEWSLINE
Pl. call : LALIT SONI at 647 400 6248 for more info.
9 SMITHVILLE DRIVE, BRAMPTON - ON, L6P 2Y5, CANADA
Email: gujaratnewsline@gmail.com
Also available E-Paper on our Website
WWW.GUJARATNEWSLINE.CA